સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

આ કાતિલ ઠંડી ધૂજાવે ગરીબોને - થરથર!
ચોમાસાંની આગાહીઓનું આપે હવે વળતર!
ફરફર વરસે બરફ થીજાવે સરવર -
રડે પશુ-પંખી, તરુવર આંસુડે ઝરમર...

હાઈકુ

ઠંડી જવાળાથી
ઠારે છે અગ્નિ પણ -
તાપણું બની...

આપે છે હુંફ -
ગોદડું લે ગોડમાં -
આપણું બની...

ચિંતન

પરોપકાર : પુણ્યાય ।

ઉપરોક્ત સૂત્ર સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

ધર્મ કે પુણ્ય કરીને મનુષ્ય સાચું સુખ મેળવી શકે છે.

ધન હોય ત્યારે માણસ ધર્મ એટલે પુણ્ય મળે તેવાં કાર્યો આચરી શકે છે. કોઈ માણસને સહાય કરીને અથવા બીજા મનુષ્યો તરફ પોતાની ફરજ બજાવીને ધર્મ કે પુણ્ય હાંસલ કરી શકાય છે.

બીજા ઉપર ઉપકાર કરનાર ધર્મ કે પુણ્ય મેળવે છે અને એનાથી પોતે સુખી થઈ શકે છે એ પરોપકાર માટે ધન ખૂબ જ મહત્ત્વનું છે. ધન વડે ધર્મ કે પુણ્ય મેળવેલો મનુષ્ય અંતે ધર્મથી સુખ મેળવે છે. આ સુખ મોક્ષ પણ હોઈ શકે.

વિદ્યા મેળવવાથી સારપ, ધન, ધર્મ અને સુખ એટલે કામ અને મોક્ષ બંને મળે છે. વિદ્યા ભણવાથી ધન એટલે અર્થ, ધર્મ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થો મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે.

સુવિચાર

- પગથી ચાલનાર અંતર કાપે છે... અને મનથી ચાલનાર ધ્યેય પ્રાપ્ત કરી શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જો આપણો વિચાર જ ગરીબો જેવો હશે તો આપણને અમીરો જેવી જિંદગી ક્યાંથી મળશે? - **બહેરામ દસ્તુર**
- સફળતા એ લગાતાર મહેનતની ગુલામ છે - **સંત રોબિન**
- માણસ જયારે નેક કામ કરે છે ત્યારે અલ્લાહ એનો આદર કરે છે. એ જયારે ગીત ગાય ત્યારે ગોડ એને પ્રેમ કરે છે - **ગુણવંત શાહ**
- આપણે પૈસાદારને માન આપીએ છીએ તેનાથી બમણું પ્રામાણિક માણસને આપીએ તો જ ધાર્મિક ગણાઈએ - **ભૂપત વડોદરિયા**
- બસ ઈતના ચાહીયે તુઝસે એ જિંદગી, કી જમીં પે બૈંઠુ તો લોગ ઉસ બડપ્પન કહેં, ઔકાત નહીં - **આબિદ શાહ**
- આજનું ઔષધ : કપાસના પાન વાટી જખમ પર બાંધવાથી રૂઝ જલ્દી આવે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજ જયોતિષની વાણી અને ચતુરાઈ ને કારણે રાજાને જયોતિષ પર ગાઢ શ્રદ્ધા થઈ. મુર્હૂત વિના કોઈ કામ ન કરે. એક વાર તે રાજયમાં વિચરણમાં નીકળ્યો. સાથે રાજ જયોતિષને લીધા. એક ખેડૂત ખેતરમાં હળ હાંકતો જોઈને જયોતિષે એને અટકાવ્યો અને કહ્યું, 'અરે મૂર્ખ! તને કોઈ મંગળ-અમંગળની સમજ છે ખરી? આજે જે દિશામાં દિશાસૂળ છે તે જ દિશામાં તું હળ ચલાવે છે. તારા પર મોટું અનિષ્ઠ આવશે. તારા પરિવાર પર આફતો આવશે.' ખેડૂતને દિશા શૂળ અંગે કોઈ માહિતી ન હતી. એણે કહ્યું, 'અરે મહારાજ હું તો રોજ આ દિશામાં ખેડૂત ખેડુ છું, એમાં દિશાશૂળ વાળા દિવસો પણ હશે. જો તમારી વાત સાચી તો મારો ક્યારનો સર્વનાશ થઈ ગયો હોત.' રાજ જયોતિષ મુંઝાયા અને પોતાનો કક્કો ખરો કરવા એમણે કહ્યું, 'ભાઈ, મને લાગે છે તારો કોઈ બળવાન ગ્રહ હોવો જોઈએ જે તારી રક્ષા કરે છે. બતાવ તારો હાથ, તારી હસ્તરેખા મારે જોવી પડશે.' ખેડૂતે હાથ લંબાવ્યો પણ બંને હથેળી જમીન તરફ રાખી. જયોતિષી વળી ગુસ્સે થયા અને કહ્યું, 'રેખાઓ હથેળીમાં હોય, તું આમ હાથ ઊંધા રાખીને શું બતાવે છે?' ખેડૂતે હસતાં હસતાં કહ્યું, 'મહારાજ, હથેળી એ ફેલાવે જેને કોઈ પાસે માંગવું છે, હું તો મારા બે હાથની મહેનતથી ગુજરાન ચલાવું છું. તો શા માટે કોઈની આગળ હાથની હથેલી બતાવીને હાથ લાંબો કરું?' રાજાને ખેડૂતની વાત સરળતાથી સમજાઈ ગઈ.

રાજકારણનું સ્તર હદ કરતાં નીચે ઊતરી ગયું છે

તંત્રીસ્થાનેથી...

એ તો સર્વવિદિત છે કે હવે રાજકારણ સેવાનું ક્ષેત્ર નહીં રહેતાં શુદ્ધ વ્યવસાયિક - ધંધાનું ક્ષેત્ર બની ચૂક્યું છે. રાજકારણમાં 'પડેલા' મહાનુભાવો ખરેખર નીતિમત્તાનાં માપદંડો મુજબ આમ આદમીની સરખામણીએ ઘણા નીચે ઊતરી ગયેલા લાગે તો નવાઈ નહીં. ક્યારેક આ ક્ષેત્રના સક્રિય આગેવાનો પ્રત્યે જનમાનસમાં ઊંડો અહોભાવ રહ્યા કરતો હતો. નેતામાં એમને ત્યાગ, સેવા અને સમર્પણ જેવા ઉમદા ગુણો જોવા મળતા. સામાન્ય માણસ પોતાની રોજિંદી જિંદગીમાંથી નવસો પડી આ ક્ષેત્રમાં સક્રિય થવાનો વિચાર સુધ્ધા ન કરી શકતો, કારણ કે રાજકારણ પાછળ સમય આપવા જતાં એનો રોજિંદા રોજગાર-ધંધા પર વિપરીત અસર પડવાની સદંતર બદલાયો છે. મોટા લોકો જે કેડી કંડારે ત્યાં ચાલવું એ આપણા ઋષિનો સંદેશ છે : મહાજનો યેન ગતા સ પન્થાઃ। પ્રજા આવા 'મહાજનો'ને અનુસરવામાં શ્રેય સમજતી હતી, પોતે નેતૃત્વ ન જ કરી શકે એવી લઘુતાગ્રંથિથી પીડાતી હતી. કાળક્રમે આ જ સૂત્રનો પોઝિટિવ અર્થ લઈ સામાન્ય માણસ પણ લોકતંત્રમાં એને મળેલ બંધારણીય અધિકાર મુજબ ચૂંટણીઓમાં ઝંપલાવતો થયો. પરિણામે શરૂઆતમાં કેટલાંક સારાં પરિણાો પણ સાંપડ્યાં. જે અમદાવાદ શ્રેષ્ઠી જનમહાજનોના નિયંત્રયમાં હતું, જેના મેયર પદે જયકૃષ્ણ હરિવલ્લભ જેવા મિલમાલિકો બિરાજતા હતા તે સ્થાન પર ફૂટપાથના પાયાના કાર્યકરો બેસવા લાગ્યા. કૃષ્ણવદન જોષી જેવા અવધૂત મેયર બન્યા, ઈંદુલાલ યાજ્ઞિક જેવા 'ફકીર' સંસદસભ્ય બન્યા. પણ એ પછી શું થયું તે અમદાવાદીઓથી અજાણ્યું નથી. એકાદ વાડીલાલ કામદાર જેવા મજૂર નેતાના અપવાદ સિવાય અમદાવાદના મેયર પદે કોઈ પ્રતિભાશાળી લોકનેતા બિરાજમાન થયા હોય એવું યાદ નથી આવતું. તાજેતરમાં કોર્પોરેશનની ચૂંટણી માટેની ટિકિટ વહેંચણીમાં બેઉ મુખ્ય પાર્ટીઓ સામે એમના જ કાર્યકર્તાઓએ જે ઉગ્ર ઊહાપોહ કરી મૂક્યો છે તે ઘણું બધું કહી જાય છે. વરિષ્ઠ નેતાઓનું માનસન્માન રહ્યું નથી. રાજકારણમાં નવું લોહી ઉમેરવાના દૃષ્ટિકોણથી પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે પાર્ટીમાં જે અનુકરણી અને આવકારદાયક ધારાધોરણો દાખલ કર્યા એથી કપાયેલા ઉમેદવારોએ રીતસરની બગાવત કરી મૂકી છે. કેટલીક મહિલાઓએ મર્યાદા બહાર જઈ વરિષ્ઠ નેતાઓ સામે આક્ષેપબાજી કરી મૂકી છે. ચારિત્ર્ય સ્ખલનના દાખલા મંડાયા છે. નેતાઓનાં છાજિયાં લેવાઈ રહ્યા છે. શ્રાપ અપાઈ રહ્યા છે! કોંગ્રેસની હાલત તો એથી પણ બદતર છે. કાર્યાલયમાં કાર્યકર્તાઓ પ્રવેશી ન શકે એ માટે બાઉન્સરો બોલાવવા પડે તે શું સૂચવે છે? પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો માટે અસંતુષ્ટ કાર્યકર્તાઓના હુમલાથી બચવું અઘરું બની ગયું છે. કોઈનું માન કે મર્યાદા જળવાતાં નથી. રાજકારણ એ જાણે કે અમારો 'બિઝનેસ' હતો; ટિકિટ નહીં આપીને તમે એ બિઝનેસ ખોરવી નાખ્યો, અમે લૂંટાઈ ગયા; અને તમે તમારાં લાડકવાયાંને ન્યાલ કરી દીધા - એવી મોંકાણ અત્રતત્રસર્વત્ર અર્થાત્ ચારેત મહાનગરોમાં મંડાઈ ચૂકી છે. પક્ષપલટાનો કશો છોછ રહ્યો નથી. રાજકારણને ક્યારેક જનસાધારણ અત્યંત આદરની દૃષ્ટિએ જોતા હતા. આજે એના પ્રત્યે સુગાળવી નજરે જોઈ મોઢું ફેરવી લેવાય છે. આ શતમુખ વિનિપાત ક્યાં જઈને અટકશે તે કલ્પવું મુશ્કેલ છે. સારા, સમજદાર અને નગરથી રાષ્ટ્ર સુધી કંઈ પ્રદાન કરી શકે એવા લોકો હવે રાજકારણને ગુંડાઓનો ધંધો માની નવ ગજથી નમસ્કાર કરે છે. યુવા પઢીએ આ બધું સમજવાની અને બગડેલી બાજી સુધારવાની નૈતિક જવાબદારી લેવી પડશે.

ઈન્કમ ટેક્ષનો ઈતિહાસ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

દેશમાં ઈન્કમટેક્ષનો પ્રથમ કાયદો ૧૬૦ વર્ષ પહેલા આવ્યો હતો. ૧૮૬૦માં અંગ્રેજ અધિકારી જેમ્સ વિલ્સે પહેલુ બજેટ રજુ કર્યુ હતું તેમાં જ ઈન્કમટેક્ષ ના કાયદાને જોડવામાં આવ્યો હતો. દેશમાં પ્રથમ બજેટમાં ૨૦૦ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવનારને ઈન્કમટેક્ષમાંથી મુક્તિ આપવામાં આવી હતી. અત્યારે દેશમાં ૧૯૬૧નો આવકવેરા કાયદો લાગુ છે. તેમાં સમયાંતરે સંશોધન થતું રહે છે.

૧૮૬૦માં આવ્યો હતો ઈન્કમટેક્ષનો પ્રથમ કાયદો : ૩૦ વર્ષ પહેલા ૧ લાખ ઉપર ૩૦% ટેક્ષ હતો

દેશમાં પહેલા ૨૦૦ થી ૫૦૦ રૂપિયા સુધીની આવક ધરાવનાર લોકો ઉપર ટેક્ષની જોગવાઈ હતી. ૨૦૦ રૂપિયાની આવક ધરાવનાર લોકો પર ૨% અને ૫૦૦ રૂપિયાની આવક ધરાવનાર લોકો ઉપર ૪% ટેક્ષ લાદવામાં આવ્યો હતો, આર્મી, નેવી, અને પોલીસને ઈન્કમટેક્ષ માંથી મુક્તી આપવામાં આવી હતી, જો કે તે સમયે મોટા ભાગના કર્મચારીઓ અંગ્રેજો જ હતા તેથી આ નિયમ લાવેલા, સેનાના કેપ્ટનનો વાર્ષિક પગાર ૪૯૮૦ રૂપિયા, નૌકાદળના લેફ્ટનન્ટનો વાર્ષિક વેતન ૨૧૦૦ રૂપિયા હતું. તેમ છતાં ઈન્કમટેક્ષ કાયદાનો તે સમયે પણ વિરોધ નોંધાયેલ હતો.

તે સમયના મદ્રાસ પ્રાંતના રાજ્યપાલ સર ચાર્લ્સ ટેવેલિયને પણ તેવો વિરોધ કર્યો હતો, વિલ્સનનો આ કાયદો બ્રિટનના ઈન્કમટેક્ષ કાયદાના જેવો જ હતો. આ કાયદો બ્રિટનના ૧૭૯૮માં તત્કાલીન વડાપ્રધાન વિલીયમ પિરે પણ સેનાનો ખર્ચ કાઢવા માટે ઈન્કમટેક્ષનો કાયદો બનાવ્યો હતો.

૧૮૫૮માં ભારતમાં બ્રિટિશ સરકારનું શાસન હતું. ભારતીય સૈનિકોએ અંગ્રેજો સામે બળવો પોકાર્યો હતો. જેનાં કારણે દેશભરમાં આંદોલન સામે લડવા માટે અંગ્રેજોએ પોતાની સેનાના ખર્ચમાં ખૂબ જ વધારો કરી દીધો હતો. ૧૮૫૬-૫૭માં અંગ્રેજોએ સેના પર ૧ કરોડ ૧૪ લાખ પાઉન્ડ નો ખર્ચ કરેલ . આ ખર્ચ ૧૮૫૭-૫૮માં વધારી દીધો હતો. તે સમયમાં ૧ પાઉન્ડ ૧૦ રૂપિયા બરાબર હતો. ૧૮૫૮માં બ્રિટનના મહારાણી વિક્ટોરિયા એ જાહેરાત કરી હતી કે, હવે ભારત બ્રિટિશ શાસનમાં જ રહેશે. આ દરમિયાન ભારત સરકાર અધિનિયમ, ૧૮૫૮ આવ્યો. આ કાયદાની જોગવાઈઓ મુજબ ભારતની તમામ આર્થિક બાબતોનું નિયંત્રણ ભારતના પ્રથમ મંત્રી ચાર્લ્સ વૂડના રાયમાં આવેલ.

૧૮૫૯ની ક્રાંન્તીમાં અંગ્રેજોને જે નુકશાન થયું તેની ભરપાઈ કરવા ઈન્કમટેક્ષ એક્ટ અમલમાં આવ્યો. ૧૮૫૯માં જેમ્સ વિલ્સનને ભારત મોકલવામાં આવ્યા તે બ્રિટનની ચાર્ટર્ડ બેન્કના સંસ્થાપક અને અર્થશાસ્ત્રી પણ હતા. તે વખતે ૧૮૬૦માં તેમણે પ્રથમ વખત ભારતમાં બજેટ રજુ કર્યુ અને ત્રણ પ્રકારના ટેક્સોનો પ્રસ્તાવ મુકેલ. પ્રથમ ઈન્કમટેક્ષ, બીજો લાયસન્સ ટેક્ષ, અને ત્રીજો તંબાકુ ટેક્ષ. આ ત્રણેય ટેક્ષની જાહેરત કરતા સમયે વિલ્સને મનુસ્મૃતિનું ઉદાહરણ આપતા કહ્યું કે, આ પગલું ઈન્ડીયન નહી પણ ભારતીય જ છે. જેમ્સ વિલ્સન ધ ઈકોનોમીસ્ટ મેગેજીનના ફાઉન્ડર પણ હતા. ૧૮૯૯માં જેમ્સ પોતાની સમગ્ર કમાણી ધ ઈકોનોમિસ્ટ માં મૂકેલ. ૧૧ ઓગસ્ટ, ૧૮૬૦માં તેમનું ભારતમાં બિમારીના કારણે અવસાન થયેલ.

૧૯૨૨માં ભારતમાં નવો ઈન્કમટેક્ષ કાયદો આવ્યો. ત્યારબાદ જ ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ કાર્યરત કરવામાં આવ્યો. ૧૯૨૨માં નવા કાયદામાં ઈન્કમટેક્ષ અધિકારીઓને જુદા જુદા નામો અપાતા હતા. ૧૯૪૬માં પ્રથમ વખત ઈન્કમટેક્ષ અધિકારીઓની સીધી ભરતી કરવામાં આવેલ. આ પરિક્ષાને ૧૯૫૩માં ઈન્ડીયન રેવન્યુ સર્વિસ નું નામ આપવામાં આવેલ જે "ઈજીલ્લ ના નામે જાણીતી બનેલ છે. ૧૯૬૩માં ઈન્કમટેક્ષમાં પ્રોપર્ટિ ટેક્ષ સામાન્ય કર અમલ નિયામકની કચેરી જેવા વહિવટી કાર્યો હતા. આથી ૧૯૬૩માં સેન્ટ્રલ બોર્ડ એક્ટ ઓફ રેવન્યુ એક્ટ અમલમાં આવ્યો જે મુજબ સેન્ટ્રલ ડાયરેક્ટર ટેક્ષ બોર્ડ ની રચના કરવામાં આવી. ૧૯૭૦ સુધી વિભાગની રાજ્ય અધિકારીઓ પાસે બાકી વેરા વસૂલવાનો અધિકાર હતો જે ૧૯૭૨માં નવી પાંખ બનાવવામાં આવી અને ઈન્કમટેક્ષ કમિશ્નરોની નિમણૂક કરવામાં આવેલ.

૧૯૪૯-૫૦માં પ્રથમ નાણા પ્રધાન જ્હોન મથાઈ એ ૧૦ હજાર રૂપિયા સુધીની આવક પર ચોથા ભાગનો આનો ટેક્ષ ઘડવામાં આવ્યો. પ્રથમ સ્લેબમાં એક આનાથી નવ પાઈ ટેક્ષ કરવામાં આવ્યો. ૧ રૂપિયાનું ૧૬માં ભાગ થતો હતો. આ ૪ પૈસા અથવા ૧૨ પાઈમાં વહેંચાયેલ હતો. એક રૂપિયામાં ૬૪ પૈસા અને ૧૯૨ પાઈ થતી હતી. ૧૯૭૪-૭૫ માં ૬૦૦૦ ની આવક ઉપર કોઈ જ ટેક્ષ ન હતો. ૭૦ હજાર રૂપિયાથી વધુ વાર્ષિક આવક પર ૭૦% ટેક્ષ સરચાર્જ સહિત ૭૭% થતો હતો. આ પહેલા તે ૯૭-૭૫% સુધી ટેક્ષ લાગતો હતો. ૧૯૮૪-૮૫માં વિશ્વનાથ પ્રતાપસિંહે સ્લેબને ૮ થી ઘટાડી ૪ કર્યો. આવક પરનો ટેક્ષ ૬૧.૮૭% થી ઘટાડી ૫૦% સુધી કર્યો. ૧૮૦૦ રૂપિયાની વાર્ષિક આવક ઉપર કોઈ ટેક્ષ ન હતો. ૧,૮૦૦ થી ૨૫,૦૦૦ સુધી ૨૫%, ૨૫,૦૦૧ થી ૫૦,૦૦૦ રૂપિયા ઉપર ૩૦% અને ૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ રૂા. ઉપર ૪૦% અને ૧ લાખ ઉપરની આવર ઉપર ૫૦% ટેક્ષ હતો. ૧૯૯૨-૯૩માં મનમોહનસિંહે ૩૫,૦૦૦ થી ૬૦,૦૦૦ ઉપર ૨૦%, ૬૦,૦૦૦ થી ૧.૨૦ લાખ ઉપર ૩૦%, ૧.૨૦ લાખથી વધારે ઉપર ૪૦% ટેક્ષ લગાવ્યો હતો.

સને ૧૯૯૭-૯૮નું ચિદમ્બરમ્નું ડ્રીમ બજેટ ગણતું. જેમણે ઘટાડીને ૧૦, ૨૦ અને ૩૦% નો ટેક્ષ કરેલ. ૭૫,૦૦૦ રૂા. વેતન લેતા અને ૧૦% સુધી પી.એફ.માં જમા કરનાર ઉપર કોઈ ટેક્ષ ન હતો.

સને ૨૦૧૦-૧૧માં પ્રણમ મુખર્જી ૨ લાખ થી ૫ લાખની વાર્ષિક આવક પર ૧૦% અને ૫ લાખ થી ૧૦ લાખની આવક પર ૨૦% અને ૧૦ થી વધુ આવક ઉપર ૫૦% ટેક્ષ લાદયા હતા.

સને ૨૦૧૪-૧૫ માં અરૂણ જેટલી એ કરોડથી વધારે આવક પર ૨% સરચાર્જ, ૨૦૧૬-૧૭ બાદથી લોકોને વેલ્થ ટેક્ષ રિટર્ન નહી આપવાની જોગવાઈ કરેલ.

સને ૨૦૧૭અ૧૮માં ૨.૫ લાખ થી ૫ લાખ રૂા. ની આવક પર ટેક્ષ ૧૦% થી ઘટાડીને ૫% કર્યો. આવક વેરાની કલમ : ૮૭ (એ) ના કારણે ૩ લાખ રૂપિયા સુધીની આવક ઉપર ટેક્ષ ન હતો. ૩ થી ૩.૫ ઉપર માત્ર ૨૫૦૦ ટેક્ષ લગાવેલ.

મનુસ્મૃતિ ઉપર ૨૩૦૦ વર્ષ પહેલા લગાવેલ કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં પણ આવકવેરાનો ઉલ્લેખ છે. મહેસૂલી કર એ સરકારી આવક જ છે. જે જનતાની સેવા, સુરક્ષા, સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા તથા વિકાસના કામો માં વપરાય છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

પુકારો ગમે તે સ્વરે, હું મળીશ જ; સમયના કોઈ પણ થરે હું મળીશ જ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

પુકારો ગમે તે સ્વરે, હું મળીશ જ;
સમયના કોઈ પણ થરે હું મળીશ જ.

●●●

હમ હોંગે કામિયાબ,
હમ હોંગે કામિયાબ, હમ હોંગે કામિયાબ એક દિન.
પૂરા હૈ વિશ્વાસ !.....

આપણાં ગામડાંની નિશાળો સુધી પહોંચી ગયેલા આ ગીતનું મૂળ અંગ્રેજી સ્વરૂપ પણ આ દેશમાં ઘણું જાણીતું થઈ ગયેલું છે.

We shall overcome, we shall overcome some day,
Oh deep in my heart, I do believe,
That we shall overcome some day....

ભારતમાં આ ગીત પહેલવહેલું ગવાયું ૧૯૬૩માં. કલકત્તાના પાર્ક સરકસ મેદાનમાં એક અમેરિકન લોકગાયકે એ ગીત ગાયું અને ૨૦,૦૦૦ની મેદનીએ તે સમૂહમાં ઝીલ્યું. પછી તો ગીતને પાંખો ફૂટી અને તે દેશભરમાં ફેલાઈ ગયું.

એ ગીતના ગાનાર હતા પીટર સીગર. ત્યાર બાદ તેત્રીસ વરસે એ ફરી ભારતની મુલાકાતે આવ્યા. ૧૯૯૬ના નવેમ્બરમાં કલકત્તા ઉપરાંત દિલ્હી, બેંગલોર અને તિરુવનાંતપુરમમાં એમનાં ગીતોના કાર્યક્રમો યોજાયા.

આપીટર સીગરે 'વી શેલ ઓવરકમની પ્રથમ ઘોષણા અમેરિકામાં ઘણાં વરસો અગાઉ માર્ટિન લ્યુથર કિંગના સમાન નાગરિક હક માટેના આંદોલન વેળા કરેલી. મૂળ તો કોઈ હબસી અમેરિકન પાદરીએ રચેલા એ ભજનનો સીગરને કંઠેથી લલકાર થયો, અને દેશદેશાવરમાં એના પડછંદા ઊડ્યા. જોતજોતામાં એ સમસ્ત વિશ્વનું સ્વાતંત્ર્ય-ગાન બની ગયું. મૂળ ભજનમાં શબ્દો હતા "આઈ વિલ ઓવરકમ", તેમાં સહેજ ફેરફાર કરીને સીગરે ગાયું : "વી શેલ ઓવરકમ."

ગીત-સંગીતની દુનિયામાં એક ઓલિયા જેવા પીટરભાઈ પાંચ , સમાનતા, સામાજિક પરિવર્તન અને શાંતિ હાંસલ કરવા કાજે સંગી. અજમાવી રહ્યા છે. એમનાં ગીતો લોકોને આનંદ સાથે જ્ઞાન આપે છે. અને રોમાંચિત કરે છે. જગતભરમાં ઘૂમીને મોટી જનમેદનીઓ સમક્ષ એમણે ગાયાં છે, અન્યાયની સામે મસ્તક ઉઠાવનારાઓની પડખે ઊભા રહીને. ૧૯ની અમેરિકન પાટનગર વોશિંગ્ટન પરની વિરાટ લોક-કૂચ વખતે એમણે જોન તેનો મશહૂર ગીત ગિવ પીસ એ ચાન્સ' (એક તક આપો શાંતિને) ગાયેલું.

સંગીતકારોના એક કુટુંબમાં ૧૯૧૯માં જન્મેલા પીટરભાઈએ વીસ વરસની ઉંમરથી જાહેરમાં ગાવાનું શરૂ કરેલું. કૉલેજનો અભ્યાસ અધૂરો મૂકીને લોકગીતોનો. અભ્યાસ કરવા એ લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસ (અમેરિકન સંસદના ગ્રંથાલયોમાં પહોંચી ગયા હતા. પછી લોકગીતો વિશે વધુ જાણકારી મેળવવા માટે, પોતાનું તંતુવાદ્ય બેન્જો હાથમાં લઈને એ આખા અમેરિકામાં રઝળવા નીકળી પડ્યા હતા.

ગીતોના પુનરુદ્ધારની જે નવી ચળવળ અમેરિકામાં શરૂ થઈ, તેમાં પીટર સીગર મોખરે હતા. અમેરિકાને ખૂણે ખૂણેથી, અને દુનિયા આખીમાંથી પણ, એમણે તો ભેગાં કરવા માંડ્યાં અને પછી હબસીઓનાં ભજનો, શ્રમજીવીઓનાં ગીતો, યુદ્ધ-વિરોધી ગીતો, પીડિતોનાં ગીતો – એમ તરેહ તરેહનાં ગીતો એ ગાવા ઇન્સાનિયત માટેની ઊંડી ખેવનાથી એમનું ગાન તરબતર છે. માનવ, અવિજયપણું એ તેનો મુખ્ય સૂર છે. સીગર ગીતો ગાય છે, તેમ પોતે લખે છે પણ ખરા, અને ઘણી વાર બીજાનાં ગીતોમાં જરાક ફેરફાર કરીને તેને પોતાની પરંપરામાં પરોવી લે છે.

માનવજાતને સંગીતના સૂત્રમાં પરોવીને એક કરવા પીટરભાઈ મથતા રહ્યા છે. છછખિત પીડિત જનતાની પડખે એ નિરંતર ખડા રહ્યા છે. વિયેટનામના યુદ્ધમાં અમેરિકાએ ભાગ લીધો તેનો વિરોધ કરવામાં એ મોખરે રહેલા. વિયેટનામમાં ખપી ગયેલા જવાનજોધ અમેરિકન સૈનિકો અંગે તે કાળે એમણે ગાયેલું શોકગીત 'હેર હેવ ઓલ ધ ફ્લાવર્સ ગોન !' પુષ્પો બધાં ક્યાં જતાં રહ્યાં !) વિખ્યાત છે. પાછળથી પોતાની આત્મકથાને પણ સીગરે એ જ નામ આપેલું : "વ્હેર હેવ ઓલ ધ ફ્લાવર્સ ગોન !

સીગરે જે અનેક ગીતો ગાયેલાં અને લોકપ્રિય બનાવેલાં છે, તેમાં વિચાર। ભાવનાની ઉદાત્તતાને કારણે જેની કવિતાનું સૌંદર્ય અનોખું બની આવ્યું છે. ૫૫ નામ છે 'ગ્વાન્તાનામરસ'. ક્યૂબાના રાષ્ટ્રવીર હોઝે માર્ટીએ લખેલા સ્પેનિશ ભાષા એ ગીતમાં માતૃભૂમિ માટેની તીવ્ર મહોબતને કવિએ વાચા આપેલી છે. ના ગીત એટલું બધું લોકપ્રિય બન્યું કે અનેક ભાષાઓમાં અનુવાદિત થઈને જગતભરમાં એ ગવાય છે.

સીગર કુદરતના ભારે ચાહક છે. 'સૂપ ક્લીયર-વોટર' નામની પોતાની સઢવાળી હોડીમાં હડસન નદી પર સહેલ કરતાં કરતાં એમણે પ્રદૂષણનાં કારમાં જોખમો સામે પોકાર કરેલો.

સીગર એટલે સાદગીના સામર્થ્યની કથા. મહાનગરી ન્યૂયોર્કથી સોએક કિલોમીટર ઉત્તરે, હડસનને કાંઠે રમણીય કુદરતને ખોળે પોતે પતિ-પત્નીએ હાથે બાંધેલા સાદા ઘરમાં પીટરભાઈ રહે છે. કુદરત અને પર્યાવરણનું રક્ષણ કરવાની એકમાત્ર પ્રવૃત્તિને હવે તેમણે પોતાની જાત અર્પણ કરી દીધી છે, અને નગરજીવનની કુત્સિતતા વિશેનાં ઘણાં નવાં ગીતો બેસાડ્યાં છે.

- મહેન્દ્ર મેઘાણી

Last Seen :
અહિંયા બધું યે અધૂરું અધૂરું,
છતાં શું મધુરું મધુર, પિયારે !
હજી કાન માંડી હજી સાંભળી જો,
ન સંગીત જગનું બસૂરું, પિયારે !

- પ્રજારામ રાવળ
- nehalgadhavi101@gmail.com

યુનિવર્સિટી માટે જમીન નહીં મળે ત્યાં સુધી રાંધેલું જમીશ નહીં, વાત યાજ્ઞિક સાહેબની..

નવી સવાર
રમેશ તન્ના

પાટણમાં ગયા શુક્રવારે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ યુનિવર્સિટીના સ્થાપક શ્રી કુલિનચંદ્ર યાજ્ઞિકને ડિ.લિટ્ની ઉપાધિથી ભારે ઉત્સાહથી, ઉમળકાથી, આનંદથી, હરખથી નવાજ્યા. માત્ર પાટણ શહેર માટે નહીં, ગુજરાતના વિદ્યાવિશ્વ માટે એ રળિયામણી ઘડી હતી. ૯૪ વર્ષના યાજ્ઞિક સાહેબ નડિયાદથી પાટણ આવ્યા. પોતાને



મળેલા ડિ.લીટના સન્માનને, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાકાળની ૬૦ જણની ટીમને સમર્પિત કરતાં તેમણે એ વખતનાં સ્મરણો પણ ભાવપૂર્વક વાગોળ્યાં. તેમણે કહ્યું કે ૪૭ વર્ષ પહેલાં વહીવટી ક્ષેત્રની આઈએએસની ડિગ્રી મળી ત્યારે, એક કારકુન પત્ર આપી ગયેલો. આજે વિદ્યા ક્ષેત્રનું સર્વોચ્ચ સન્માન મળી રહ્યું છે ત્યારે આટલો મોટો અને ભવ્ય પ્રસંગ યોજાશે તેની કલ્પના નહોતી.

શ્રી કુલિનચંદ્ર યાજ્ઞિક ગરવા ગુજરાતનું એક ગૌરવવંતુ નામ છે. અત્યારે હયાત શ્રેષ્ઠ દસ ગરવા ગુજરાતી વિદ્યાપુરુષોનાં નામ લેવાં હોય તો તેમનું નામ ચોક્કસ મૂકવું જ પડે. વહીવટી સનદી અધિકારી તરીકે ભારે નિષ્ઠા, પાકી પ્રામાણિકતા, ચુસ્ત લોકાભિમુખતા સાથે તેમણે વિવિધ હોદા પર જે કામગીરી કરી છે તે ગુજરાતના ઈતિહાસનાં ઉજળાં પ્રકરણો છે. તેમણે લખેલા પુસ્તક ×વહીવટની વાતો×માંથી પસાર થઈએ તો, એક સંવેદનશીલ સરકારી ઉચ્ચ અધિકારી કેટલો અસરકારી બની શકે તેનાં સેંકડો ઉદાહરણો જાણવા મળે. તેમણે ડાંગ, વડોદરા કે ભરૂચના કલેકટર તરીકે કામ કર્યું હોય કે મુખ્યમંત્રીના અગ્ર સચિવ તરીકે ફરજ બજાવી હોય.. દીપી ઉઠે તેવો જ હિસાબ આપ્યો. ગુજરાત રાજ્યના શિક્ષણ-સચિવ તરીકે પણ તેમણે નોંધપાત્ર કામ કર્યું.

તેમને ગુજરાત યાદ કરે છે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્થાપક તરીકે. ગુજરાત સરકારે તેમને આ જવાબદારી સોંપી હતી. શૂન્યમાંથી સર્જન કરવાનું હતું. પ્રેમ, સંવેદના અને પ્રતિબદ્ધતાની મૂડી પર યાજ્ઞિક સાહેબે અનેક પડકારોનો સામનો કરીને યુનિવર્સિટીની સ્થાપના કરી. આ કાર્યમાં તેઓ એવા તો ગૂંથાઈ ગયા, અને યુનિવર્સિટીના સ્થાપના માટે તેઓ એટલા મક્કમ હતા કે જમીન સંપાદન સામે અંતરાયો આવ્યા તો એવું વ્રત લીધું કે જ્યાં સુધી યુનિવર્સિટી માટે જમીન નહીં મળે ત્યાં સુધી રાંધેલું નહીં જમું.. કોઈ સરકારી અધિકારી આવી અંગત નિષ્ઠા બતાવે તે અજબની જ નહીં, ગજબની વાત પણ લાગે.

જે નગરે સિદ્ધહેમ ગ્રંથને હાથીની અંબાડી પર રાખીને, ભવ્ય શોભાયાત્રા કાઢીને તેને ભારે ગૌરવ આપ્યું હતું તે પાટણ નગરે પણ રાજ્યમાં કોઈએ ના કર્યું તેવું કરી બતાવ્યું હતું. યુનિવર્સિટીની સ્થાપનાની માગ સાથે આ નગરે એ વખતે હડતાળ પાડી હતી. ગુજરાતમાં તો શું, કદાચ ભારતમાં પહેલી વાર એવું બન્યું હશે કે કોઈ નગરે યુનિવર્સિટીની સ્થાપનાની માગ સાથે હડતાળ પાડી હોય !

યાજ્ઞિક સાહેબ આ યુનિવર્સિટીના પ્રથમ અને સ્થાપક કુલપતિ બન્યા. ૧૯૮૬થી ૧